કુલ ગુણ : 100

# અર્થશાસ્ત્ર

સમય : 3 કલાક

સૂચનાઓ : (1) જવાબ આપતા પહેલાં પ્રશ્નોને કાળજીપૂર્વક વાંચી સૂચના મુજબ જવાબ આપો. (2) આ પ્રશ્નપત્રમાં પાંચ વિભાગ છે અને કુલ 48 પ્રશ્નો છે. (3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. (4) વિભાગની સામે કૌંસમાં લખેલ અંક ગુણ દર્શાવે છે. (5) નવો વિભાગ નવા પાના પરથી જ લખવો.

## વિભાગ–A

❖ **નીચે આપેલા 1 થી 10 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ (A, B, C, D) પસંદ કરી જવાબ લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે. [10]**

1. 2014 માં વિશ્વમાં માનવ વિકાસઆંકની દૃષ્ટિએ ભારતનો ક્રમ કેટલામો હતો ?
   (A) 130 (B) 128
   (C) 129 (D) 127
2. "વસ્તુઓ અને સેવાઓના બદલામાં જે સર્વસ્વીકૃત છે તે નાણું છે." નાણાની વ્યાખ્યા કોણે આપેલી છે?
   (A) કેઈન્સ (B) માર્શલ
   (C) રોબર્ટસન (D) પિગુ
3. કયો ખ્યાલ ગુણાત્મક છે ?
   (A) આર્થિક વિકાસ (B) રાષ્ટ્રીય આવકનો વૃદ્ધિ દર
   (C) માથાદીઠ આવકનો વૃદ્ધિ દર
   (D) આર્થિક વૃદ્ધિ
4. શાખસર્જનનું કાર્ય કોણ કરે છે ?
   (A) કેન્દ્ર સરકાર (B) વ્યાપારી બેંક
   (C) R.B.I. (D) રાજ્ય સરકાર
5. 2013 ના અહેવાલ મુજબ ભારતમાં સૌથી વધુ ગરીબી કયા રાજ્યમાં હતી ?
   (A) બિહાર (B) ઝારખંડ
   (C) મિઝોરમ (D) છત્તીસગઢ
6. કઈ બેરોજગારી નવી ઉત્પાદન પધ્ધતિ અને ટેક્નોલોજીના આગમનથી સર્જાય છે ?
   (A) પ્રચ્છન્ન બેરોજગારી (B) ચક્રિય બેરોજગારી
   (C) ઘર્ષણજન્ય બેરોજગારી (D) અર્ધ બેરોજગારી
7. કયા દિવસને રોજગાર દિવસ તરીકે જાહેર કરેલ છે?
   (A) 2 ઓક્ટોબર (B) 2 ફેબ્રુઆરી
   (C) 1 મે (D) 14 નવેમ્બર
8. ભારતમાં સૌ પ્રથમ વસ્તી કઈ સાલમાં કરવામાં આવી ?
   (A) 1947 (B) 1951
   (C) 1921 (D) 1871
9. 2014 માં વિશ્વની કુલ નિકાસોમાં ભારત કયા ક્રમે હતું ?
   (A) 29માં (B) 19માં
   (C) 39માં (D) 15માં
10. ભારતમાં સૌ પ્રથમ ખનિજતેલના ભંડાળો કયા રાજ્યમાંથી પ્રાપ્ત થયા હતા ?
   (A) બિહાર (B) ગુજરાત
   (C) આસામ (D) મહારાષ્ટ્ર

## વિભાગ–B

❖ **નીચેના 11 થી 20 પ્રશ્નોના ઉત્તરો એક-બે વાક્યમાં આપો. (દરેક પ્રશ્નનો 1 ગુણ છે.) [10]**

11. આલેખ દોરવા અને સમજવા માટે શેનું જ્ઞાન જરૂરી છે?
12. માથાદીઠ આવક એટલે શું ?
13. C.O.R.E. નું પૂર્ણનામ આપો.
14. રેપોરેટનો અર્થ આપો.
15. સાપેક્ષ ગરીબીનો અર્થ આપો.
16. 'પ્રધાનમંત્રી જન ધન યોજના' કયા વર્ષમાં શરૂ કરવામાં આવી ?
17. ભારતમાં જોવા મળતી બેરોજગારી કયા સ્વરૂપની હોય છે ?
18. 'મૃત્યુદર' શોધવાનું સૂત્ર જણાવો.
19. ગૃહઉદ્યોગનો અર્થ આપો.
20. માનવ મૂડી રોકાણ એટલે શું ?

## વિભાગ–C

❖ **નીચેના 21 થી 34 સુધીના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (દરેક પ્રશ્નના 2 ગુણ છે.) [28]**

21. અર્થશાસ્ત્રમાં આકૃતિ અને આલેખનું મહત્વ દર્શાવતા ચાર મુદ્દા જણાવો.



Visit https://visionpapers.in For More Papers!!!

22. વૃત્તાંશ આકૃતિ દોરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.

23. આર્થિક વિકાસની મર્યાદાઓ જણાવો.

24. માનવ વિકાસઆંકનું મહત્ત્વ જણાવો.

25. નાણાના પ્રકાર જણાવો.

26. મધ્યસ્થ બેંકની નાણાકીય નીતિના ગુણાત્મક સાધનોના માત્ર નામ જણાવો.

27. ગરીબી રેખા એટલે શું ?

**અથવા**

27. ગ્રામીણ ગરીબીના કારણો ટૂંકમાં સમજાવો.

28. 'ભારતમાં શ્રમપ્રધાન ઉત્પાદન પધ્ધતિ વધારે અનુકૂળ છે.' સમજાવો.

29. પ્રધાનમંત્રી સિંચાઈ યોજના ક્યારે અને કયા ઉદ્દેશથી શરૂ કરવામાં આવી ?

30. ભારત શા માટે ખેતીપ્રધાન દેશ તરીકે ઓળખાય છે?.

**અથવા**

30. હરિયાળી ક્રાંતિના બીજા નામ આપો.

31. આંતરિક વેપાર અને આંતરરાષ્ટ્રીય વેપારનો અર્થ આપો.

32. વેપાર તુલા અને લેણદેણની તુલા વચ્ચેનો મુખ્ય તફાવત જણાવો.

33. ખેતીના આધુનિકીકરણમાં ઉદ્યોગો કેવી રીતે ઉપયોગ છે?

34. ખાનગી ક્ષેત્રના ઉદ્યોગોને ઉત્તેજન આપવા માટે સરકારે કયા પગલા લીધા છે ?

## વિભાગ–D

❖ **નીચેના 35 થી 43 સુધીના પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર આપો. (દરેક પ્રશ્નના 3 ગુણ છે.) [27]**
**વિકલ્પ આંતરિક છે.**

35. અર્થશાસ્ત્રના અભ્યાસમાં કમ્પ્યૂટર ટેક્નોલોજીના કોઈપણ ત્રણ ઉપયોગો સમજાવો.

36. આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ વચ્ચેના તફાવતના કોઈપણ છ મુદ્દા જણાવો.

37. વેપારી બેંકો દ્વારા સ્વીકારાતી જુદા જુદા પ્રકારની થાપણોની સમજૂતી આપો.

**અથવા**

37. વેપારી બેંક અને મધ્યસ્થ બેંક વચ્ચેનો તફાવત જણાવો.

38. ચક્રિય બેરોજગારીનો ખ્યાલ સ્પષ્ટ કરો.

39. ભારતમાં ઉંચા જન્મદર માટે જવાબદાર આર્થિક પરિબળો સમજાવો.

40. ટૂંકનોંધ લખો. પાકની ફેરબદલી

41. વિદેશ વેપાર માટેના કોઈપણ ત્રણ કારણો સમજાવો.

**અથવા**

41. ટૂંકનોંધ લખો - હૂંડીયામણદર.

42. વિશિષ્ટ આર્થિક વિસ્તાર (SEZ) વિશે સમજૂતી આપો.

43. શિક્ષણનું મહત્ત્વ સમજાવો.

**અથવા**

43. શહેરીકરણની કોઈપણ ત્રણ નકારાત્મક અસરો સમજાવો.

## વિભાગ–E

❖ **નીચેના 44 થી 48 સુધીના પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર આપો. (દરેક પ્રશ્નના 3 ગુણ છે.) [25]**
**વિકલ્પ આંતરિક છે.**

44. ફુગાવાના કારણો વિગતવાર સમજાવો.

**અથવા**

44. ગરીબીના કોઈપણ પાંચ નિર્દેશકો સમજાવો.

45. ગરીબીના આર્થિક કારણો સમજાવો.

46. વસ્તી નિયંત્રણના ઉપાયોની વિગતવાર સમજૂતી આપો.

**અથવા**

46. ભારતમાં જાતિ-પ્રમાણ (દર 1000 પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા) ની વિગતે ચર્ચા કરો.

47. ભારતમાં નીચી ખેત ઉત્પાદકતાના સંસ્થાકિય તેમજ ટેક્નોલોજીકલ પરિબળો સમજાવો.

48. નીચે આપેલ માહિતીને પાસ-પાસેની સ્તંભાકૃતિમાં રજૂ કરી તેનું વિશ્લેષણ કરો.

| વર્ષ | ભારતમાં સાક્ષરતા (ટકામાં) | ગુજરાતમાં સાક્ષરતા (ટકામાં) |
|---|---|---|
| 1981 | 44 | 45 |
| 1991 | 52 | 61 |
| 2001 | 65 | 69 |
| 2011 | 74 | 79 |

**ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે સૂચના :**
ઉપર આપેલ માહિતીના આધારે માત્ર વિશ્લેષણ કરવું.



Visit https://visionpapers.in For More Papers!!!

## PAPER-1 July - 2018

**1.**(A) **2.**(C) **3.**(A) **4.**(B) **5.**(D) **6.**(C) **7.**(B) **8.**(D) **9.**(B) **10.**(C) **11.** આલેખ દોરવા અને સમજવા માટે આંકડાશાસ્ત્રનું જ્ઞાન જરૂરી છે. **12.** દેશની કુલ રાષ્ટ્રીય આવકને વસ્તીના કુલ પ્રમાણે વડે ભાગતા પ્રાપ્ત થતી આવક. **13.** C.O.R.E. = Centralized Online Real Time Exchange **14.** વેપારી બેન્કો ખૂબ ટૂંકાગાળા માટે (1,7 કે 15 દિવસ) R.B.I. પાસેથી જે વ્યાજના દરે ધિરાણ મેળવે તે દરને રેપોરેટ કહે છે. **15.** સમાજના વધુ આવક વાળા વર્ગની તુલનામાં ઓછી આવકવાળો વર્ગ સાપેક્ષ ગરીબી ભોગવે છે તેમ કહેવાય. **16.** જનધન યોજનાની શરૂઆત 28 ઓગસ્ટ 2014 ના રોજ કરવામાં આવી હતી. **17.** ભારતમાં જોવા મળતી બેરોજગારી માળખાગત સ્વરૂપની હોય છે.

**18.** $\text{મૃત્યુદર} = \dfrac{\text{એક વર્ષ દરમિયાન મૃત્યુ પામતા માણસોની સંખ્યા}}{\text{કુલ વસ્તી}} \times 1000$

**19.** મુખ્યત્વે કુટુંબના સભ્યો દ્વારા સાદા ઓજારો વડે, વીજળી અને યંત્રોનો ઉપયોગ કર્યા સિવાય નહિવત્ મૂડીરોકાણ વડે ચાલતા ઉદ્યોગોને ગૃહ ઉદ્યોગ કહે છે. **20.** માનવીની શારીરિક અને માનસિક શક્તિઓના વિકાસ માટે શિક્ષણ, આરોગ્ય અને તાલીમ પાછળ કરવામાં આવતા મૂડીરોકાણ કે ખર્ચને માનવ મૂડીરોકાણ કહે છે.

Visit https://visionpapers.in For More Papers!!!